દાખલ કર્યા તારીખ	:	૧૧/૦૭/૨૦૨૩		
રજીસ્ટર કર્યા તારીખ	:	૧૧/૦૭/૨૦૨૩		
ફેંસલ કર્યા તારીખ	:	૨૯/૧૧/૨૦૨૫		
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
		૦૨	૦૪	૧૮

<u>૪૩ માં એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ શ્રી. એસ . એન . કુલકર્ણીનાઓની કોર્ટ નં –પરમાં, અમદાવાદ</u>

ફોજદારી કેસનં.૬૬૩૨૧/૨૦૨૩
આંક–

ફરિયાદી :– ટાટા કેપીટલ ફાઈનાન્સીયલ સર્વિસીસ લીમીટેડ
– તેના અધિકૃત લીગલ ચિરાગ અશ્વિનભાઈ બારોટ

<u>વિરૂધ્ધ</u>

આરોપી :– **અમિતકુમાર ધિરજલાલ શાહ**
સરનામું– ૫૭૪ ર અભિમન્યુ ફલેટ,
સેન્ટ્રલ સ્કુલની સામે,
સેકટર ૩૦ ગાંધીનગર.

ગુનો :– **<u>ધી. નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ અધિનિયમ ની કલમ ૧૩૮ગુના ની કલમ</u>**

ફરિયાદી તરફે વિધ્વાન વકીલશ્રી : તરૂણ બી. ધર્માવત
આરોપી તરફે વિધ્વાન વકીલશ્રી : હાર્દિક એચ. દવે

::નમૂના – અ::

ગુના ની તારીખ	૩૦–૦૬–૨૦૨૩
પ્ર. માહિતી અહેવાલ ની તારીખ	લાગુ નથી.
આખરી અહેવાલ ની તારીખ	લાગુ નથી.
તહોમતનામા ની તારીખ	૨૮–૦૩–૨૦૨૪
પુરાવો શરૂ થયા ની તારીખ	૨૮–૦૩–૨૦૨૪
ચુકાદા માટે રાખવાની તારીખ	૨૯ નવેમ્બર ૨૦૨૫
ચુકાદા ની તારીખ	૨૯ નવેમ્બર ૨૦૨૫
સજા હુકમ ની તારીખ (લાગુ પડે તો)	૨૯ નવેમ્બર ૨૦૨૫

::આરોપી ની વિગત::

આરોપીનુ નામ	ધરપકડ તારીખ	જામીન મુક્તી તારીખ	તહોમત	શું નિર્દોષ છોડ્યુ / સજા કરી	કરવામાં આવેલ સજા	સુનાવણી દરમિયાન અટકાયત નો સમય ગાળો ફો. કા. સંહિતા ની કલમ ૪૨૮ મુજબ
અમિતકુમાર ધિરજલાલ શાહ	લાગુ નથી	લાગુ નથી	ધી. નેગો. ઈસ્ટ્રુ અધિનિયમ કલમ ૧૩૮	સજા કરી	૦૧ વર્ષ ની સાદી કેદ ની સજા તેમજ રૂા.૧૦,૧૨,૩૬૮/– દંડ/ વળતર	લાગુ નથી.

<u>//ચુકાદો//</u>

1 ફરિયાદ પક્ષની ટુંકમાં હકીકત એવી છે કે, ફરિયાદી કંપનીઝ એકટ ૧૯૫૬ હેઠળ નોંધાયેલ એક નોન–બેંકિગ કંપની છે અને ભારતીય રિર્ઝવ બેંકની માર્ગદર્શિકા અનુસાર કાર્ય કરે છે અને ગ્રાહકોને તેમની જરૂરિયાતના સંદર્ભમાં લોન પુરી પાડવાનું કાર્ય કરે છે અને અમદાવાદમાં નારણપુરા ખાતે શાખા ધરાવે છે. આ કામના તો.દારે ફરીયાદી બેંકનો લોન લેવા સારૂ સંપર્ક કરેલો અને આ કામના આરોપીએ ફરિયાદી બેંકને તો.દારે લીધેલ લોન અંગે નિયમિત માસીક હપ્તો ચુકવી આપવાની બાંહેધરી આપેલ અને આ કામનાં આરોપીએ ફરીયાદી બેંકને માસીક હપ્તાથી ચુકવી આપવાની ખાતરી અને ભરોસો આપેલ,ત્યારબાદ ઉપરોકત એગ્રીમેન્ટ મુજબ આ કામનાં આરોપી નિષ્ફળ જતાં આરોપીએ જ્યારે હપ્તા ભરવાનાં બંધ કરતાં ફરીયાદીએ તો.દાર પાસેથી લોનનાં કાયદેસરના બાકી

રકમની ચુકવણીની માંગણી કરતાં આરોપીએ ફરીયાદી બેંકનાં કાયદેસરનાં નાંણા પેટે બાકી નીકળતી રકમ મુજબ ચેક આપેલ અને આરોપીએ ફરીયાદી બેંકને પુરી ખાત્રી અને ભરોસો આપેલ કે પાકતી તારીખે સદરહું ચેક બેંકમાં ભરતાં સદર ચેકનાં નાંણા ચોકકસપણે મળી જશે તેવો વિશ્વાસ સંપાદન કરેલો. હાલ ના કામના આરોપીએ ફરીયાદી કંપની પાસે લોન એગ્રીમેન્ટ નં.:– TCFUC૦૨૯૦૦૦૦૧૦૬૮૪૩૪૦ થી એગ્રીમેન્ટ કરી USED CAR લોન મેળવેલ છે. જે લોન એગ્રીમેન્ટ મુજબ પુરી કરવાની હતી પરંતુ તેઓ આ એગ્રીમેન્ટ મુજબ લોન ભરપાઈ કરી શકેલા નહીં તેથી ફરીયાદી કંપનીએ લોનની રકમની માંગણી કરતાં આ કામના આરોપીએ લીધેલ લોની ચુકવણી પેટે ચેક આપેલો જે ચેક એચ.ડી.એફ.સી. બેંકનો છે. ચેકનો નંબર ૧૦૫, તારીખ ૧૯/૦૫/૨૦૨૩ તેમજ રૂા.૬,૭૪,૯૧૨/– નો છે. જે ચેકમાં આ કામના તો.દારની સહી છે આ કામના તો.દારે તેમના દેવાની ચુકવણી કરી આપવાની જવાબદારી પેટે આ ચેક આપતી વખતે ફરીયાદી કંપનીને પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેન્કમાં પાકતી તારીખે ભરશોતો લેણી નીકળતી ચેકની રકમ ચુકતે મળી જશે.

2 ત્યારબાદ આ ફરિયાદમાં જણાવેલ રકમ આરોપી પક્ષે સમયસર ફરિયાદી પક્ષ ને પરત ચુકવવામાં કસૂર કરતા, અને, ફરીયાદી પક્ષે આ રકમ આરોપી પક્ષ પાસે થી પરત માંગણી કરતા, સદર રકમ ની ચુકવણી માટે, નીચે જણાવ્યા મુજબ નો ચેક આરોપી પક્ષે કાયદેસર ની ચુકવણી પેટે લખી આપેલ છે. જેથી સબબ કામના ફરીયાદ પક્ષ આ ચેક ના કાયદેસર ના ધારણ કરતા બનેલા છે.

અનું ક્રમ	બેંક તેમજ શાખા નું નામ	ચેક ની તારીખ	ચેક ની સંખ્યા	ચેક ની રકમ. (₹)
૦૧.	એચ.ડી.એફ.સી.બેંક	૧૯/૦૫/૨૦૨૩	૧૦૫	રૂા.૬,૭૪,૯૧૨/–
કુલ રકમ				રૂા.૬,૭૪,૯૧૨/–

3 આ સાથે આરોપી પક્ષે ફરીયાદી ને વિશ્વાસ અને ભરોસો આપેલ છે કે, સબબ ચેક પોતાના બેંક માં ચુકવણી માટે રજુ કરતા, તે આરોપી ની બેંક દ્વારા માન્ય કરવામાં આવશે, અને ચેક માં જણાવ્યા મુજબ રકમ ની ચુકવણી ફરીયાદી ને પ્રાપ્ત થશે.

4 ત્યારબાદ, ફરિયાદ પક્ષે સબબ ચેક ચુકવણી અર્થે પોતાના એચ.ડી.એફ.સી.બેંક લી. અમદાવાદ શાખાના ખાતા માં ચુકવણી માટે રજુ કરતા, આરોપી ના બેંક દ્વારા સબબ ચેક, " **fund insufficient** " ના શેરા સાથે તા. ૧૯/૦૫/૨૦૨૩ ના રોજ પરત કરવામાં આવેલ છે.

5 જેની જાણ ફરીયાદ પક્ષ ને થતા,ફરી યાદી પક્ષે પોતાના વકીલ શ્રી મારફતે આરોપી ને કાયદા મુજબ ની નોટીસ સદર કામનાં આરોપીને તા. ૧૩/૦૬/૨૦૨૩ ના રોજ પોસ્ટ માધ્યમ ના આર. પી. એ. ડી. ની સુવિધા સાથે મોકલી આપેલ છે. જે નોટીસ સંબંધે રજુ થયેલ વિગતો મુજબ સબબ નોટીસ આરોપી પક્ષ ને તા. ૧૪/૦૬/૨૦૨૩ ના રોજ બજી ગયેલ હોવા છતાં, આરોપી પક્ષે કાયદા દ્વારા નિયત સમય મર્યાદામાં ફરી યાદી ને ચેક ની રકમ ચૂકવી આપેલ નથી.

6 જેથી સબબ કામના ફરીયાદી એ ઉપરોક્ત વિષય માં જણાવ્યા મુજબ ની ફરિયાદ ન્યાયાલય સમક્ષ પોતાના સરતપાસ ના સોગંદ–નામા સાથે રજુ કરેલ છે. ધી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ – ૧૪૫ તેમજ નામ. સર્વોચ્ચ ન્યાયાલય ના ઈન્ડિયન બેંક એસોસિયેશન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા[1] નો ચુકાદો વંચાણે લેતા, સબબ સોગંદ–નામું ફો. કા. સંહિતા ની કલમ ૨૦૦ હેઠળ ની જુબાની માની, ફરીયાદ માં આરોપી વિરૂદ્ધ કેસ ની કાર્યવાહી આગળ ચાલવા માટે પર્યાપ્ત કારણો મળી આવતા, તેમજ હાલના કામે ફરિયાદી એ પોતાની ફરિયાદ સાથે પોતાના સાક્ષી–ઓ ની સૂચિ તેમજ પ્રોસેસ બદલ નિયમ મુજબ જરૂરી ફી, રજુ કરેલ હોઈ, હાલના કામના આરોપી પક્ષ વિરૂદ્ધ ફો. કા. સંહિતા ની કલમ ૨૦૪ હેઠળ પ્રોસેસ કાઢવા નો આદેશ કરવામાં આવેલ છે.

7 આવા પ્રોસેસ ની બજવણી હાલના કામના આરોપી પક્ષ ઉપર થતા, તેઓ ન્યાયાલય સમક્ષ હાજર રહેલ છે. આરોપી પક્ષ ન્યાયાલય સમક્ષ હાજર થતા, તેઓને સંક્ષિપ્ત માં તહોમત નું વિવરણ આપી, ફો. કા. સંહિતા ની કલમ ૨૫૧ હેઠળ નું આરોપી પક્ષ ને ગુના ની સ્વીકૃતિ સંબંધે પુછતા, તેઓએ ગુનો કબૂલ ન હોવાનું જણાવેલ છે તેમજ સુનાવણી ની કાર્યવાહી કરવાની માંગણી કરેલ છે. જે સંબંધે આરોપી પક્ષ નું નિવેદન હાલના કામે **આંક –૦૮** થી નોંધવામાં આવેલ છે.

8 હાલના કામે આરોપી પક્ષ પોતાની સામેની ગુના ની કાર્યવાહી આગળ ચાલવા માગતા હોઈ, હાલના કામના ફરીયાદ પક્ષ ને પોતાનો પુરાવો રજુ કરવા માટે સૂચના આપવમાં આવેલ છે. તેથી હાલના કામના ફરીયાદી પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપર આધાર રાખેલ છે.

::નમૂનો–બ::

ફરિયાદી પક્ષ ના સાક્ષી ની યાદી
અ. ફરિયાદ પક્ષ

અનુ ક્ર.	નામ	પુરાવા નો પ્રકાર
ફ.સ.૧	ટાટા કેપીટલ ફાઈનાન્સીયલ સર્વિસીસ લીમીટેડ – તેના અધિકૃત લીગલ ચિરાગ અશ્વિનભાઈ બારોટ નાઓની સોંગધ ઉપર જુબાની રજુ. (આંક–૦૪)	ફરીયાદી

1

એસ. એન. કુલકર્ણી
૪૩ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર

ફરિયાદી ન્યાયાલય ના આંક ની યાદી

અ. ફરિયાદ

અનુ ક્ર.	આંક સંખ્યા	વર્ણન
૧.	આંક ફ–૦૯/ફ.સ.૧	પાવર ઓફ એર્ટનીની ટ્રુ કોપી.
૨.	આંક ફ–૧૦/ફ.સ.૧	ચેક નં. **૧૦૫** અસલ.
૪.	આંક ફ–૧૧/ફ.સ. ૧	ચેક નં. **૧૦૫** લગત તા. **૧૯/૦૫/૨૦૨૩** નો ચેક બીન ચુકવે પરત ફર્યા ની યાદી.
૫.	આંક ફ–૧૨/ફ.સ.૧	ફરિયાદ પક્ષ દ્વારા આરોપી પક્ષ ને આપવામાં આવેલ કાયદા મુજબ ની નોટીસ ની સ્થળ પ્રત નકલ.
૬.	આંક ફ–૧૩/ફ.સ. ૧	તો.દાર ને પાઠવામાં આવેલ નોટીસ અંગે પોસ્ટ ખાતા ધ્વારા આપવામાં આવેલ રજી.એ.ડી.ની અસલ રસીદ.
૭.	આંક ફ–૧૪/ફ.સ. ૧	તો.દાર નાઓને નોટીસ બજ્યા અંગેનો ઈન્ડિયા પોસ્ટની વેબસાઇટ પરથી મેળવેલ ટ્રેક રિપોર્ટ.

9 ત્યારબાદ સબબ કામે **આંક –૧૬** ની કલોઝીંગ પુરસીસ રજુ કરી, ફરીયાદ પક્ષે પોતાનો પુરાવો પૂર્ણ થયેલ હોવાનું ન્યાયાલય સમક્ષ જાહેર કરેલ છે. ફરીયાદ પક્ષનો પુરાવો પૂર્ણ થયા બાદ, સબબ કામે રજુ કરવામાં આવેલ આરોપી વિરુદ્ધ નો પુરાવો ધ્યાને લેતા, સબબ કામ ને ફો. કા. સંહિતા ની કલમ ૩૧૩ વંચાણે લેતા, આરોપી પક્ષ ના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ છે. આ વિશેષ નિવેદન કાયદા મુજબ નોંધવું અગત્ય નું છે. પરંતુ હાલ ના કામે સદર કામ ના આરોપી ને વાર–વાર તક આપવામાં આવેલ હોવા છતાં પણ તેઓ નામદાર કોર્ટ માં હાજર ન રહેતાં તેઓ નું વિશેષ નિવેદન નું હક્ક બંધ કરી સબબ કેસ ની કાર્યવાહી આગળ ના તબક્કે લેવામાં આવેલ છે.

10 ત્યારબાદ, સબબ કામ દલીલો ના તબક્કે આવતા, ફરિયાદ પક્ષ તરફે અને આરોપી તરફે કોઈ હાજર ન રહેતાં દલીલોનો હકક બંધ કરવામાં આવેલ છે.

11 ઉપરોક્ત હકીકતો ને ધ્યાને લેતા નીચે મુજબના મુદ્દા ફરિયાદ ના યોગ્ય નિર્ણય માટે ન્યાયાલય સમક્ષ ઉપસ્થિત થાય છે.

::મુદ્દા::		
અનુ નં.	મુદ્દા	નિર્ણય.
૦૧.	શું ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આરોપી પક્ષે બનાવ માં સંડોવાયેલ ચેક, કાયદેસર રીતે લાગુ કરી શકાય તેવા દેવા અથવા જવાબદારી પેટે, ફરિયાદ પક્ષ ને તૈયાર કરી આપેલ છે?	હકાર માં

૦૨.	શું ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, બનાવ માં સંડોવાયેલ ચેક, તેના કાયદા દ્બાર નિર્ધારિત સમય મર્યાદામાં, ચુકવણી અર્થે બેંક માં રજુ કરવામાં આવેલ છે?	હકાર માં
૦૩.	શું ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, બનાવ માં સંડોવાયેલ ચેક, આરોપી પક્ષ ના બેંક ખાતા માં ચેક ની ચુકવણી માટે આરોપી નું ખાતું બ્લોક હોવાના કારણે ચુકવણી વિના પરત કરવામાં આવેલ છે?	હકાર માં
૦૪.	શું ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, તેઓએ બનાવ માં સંડોવાયેલ ચેક ના રકમ ની ચુકવણી કરી આપવા માટે, કાયદા મુજબ ની માંગણી નોટીસ કાયદા મુજબ નિયત સમય મર્યાદામાં અને યોગ્ય રીતે આરોપી પક્ષ ઉપર મોકલી આપેલ છે?	હકાર માં
૦૫.	શું ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, સબબ માંગણી નોટીસ પ્રાપ્ત થયા ના તરત આવતા દિન ૧૫ સુધી માં, બનાવ માં સંડોવાયેલ ચેક મુજબ ની રકમ ની ચુકવણી કરવામાં આરોપી પક્ષે કસૂર કરેલ છે?	હકાર માં
૦૬.	શું ફરીયાદ પક્ષ નિઃશંક પણે પુરવાર કરે છે કે, આરોપી પક્ષે ધી. નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ – ૧૩૮ મુજબ નો ગુનો કરેલ છે?	હકાર માં
૦૭.	શું હુકમ?	આખરી હુકમ મુજબ.

12. સબબ કામે આરોપી વિરુધ્ધ નુ તહોમત ધ્યાને લેતા, તેઓની સામે આક્ષેપીત ગુનો પુરવાર થવા માટે નીચે જણાવેલ તહોમત મુજબના તત્વો નિ:શંક પણે પુરવાર થવા અગત્ય ના છે.

<u>ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ –</u>

અ. કોઈ રકમ માટેના ચેક તે લખનાર દ્બારા તે પોતે સંચાલીત કરતા બેંક ખાતામાં ઉપર થી ચુકવણી અર્થે ચુકવણીકાર / ફરિયાદીને આપવામાં આવેલ હોય.

બ. આવો ચેક કોઈ પુર્ણ અથવા આંશિક, કોઈ દેવા અથવા અન્ય જવાબદારી, પુર્ણ પાડવા જારી કરવામાં આવેલ હોય.

ક. આવો રકમ નો ચેક, ખાતામાં પર્યાપ્ત ભંડોળ ના અભાવે અથવા બેંક સાથે થયેલ કોઈ કરાર મુજબ ચુકવા પાત્ર થતી રકમ ની ગોઠવણી થી વધી જતા, બેંક દ્બારા બીન–ચુકવેલ પરત કરવામાં આવેલ હોય.

ખ. તેવો ચેક, તેને તૈયાર કરવામાં આવેલ તારીખ થી ત્રણ માસ ના સમય ગાળા ની અંદર અથવા તેના માન્યતા ના સમય ની અંદર, બેંક માં રજુ કરવામાં આવેલ હોય.

ગ. બેંક દ્બારા તેવા ચેકની બિન–ચુકવણી બાબતે માહીતી પ્રાપ્ત થયેથી, દિન – ૩૦ માં તે ચેક ના નાણા લેણાર અથવા સમયસર ના ધારક દ્બારા, માંગ–પત્ર (ડિમાન્ડ નોટીસ) ચેક–લખનાર ઉપર મોકલવામાં આવેલ હોય.

ધ. ઉપરોક્ત માંગ–પત્ર (ડિમાન્ડ નોટીસ) ચેક–લખનાર ને પ્રાપ્ત થયેથી, તે ચેક લખનારે દિન – ૧૫ માં ચેકના રકમની ચુકવણી કરવામાં કસુર કરેલ હોય.

ડ. દેવું અથવા જવાબદારી કે જેની સામે ચેક જારી કરવામાં આવેલ હોય તે કાયદેસર રીતે લાગુ પાડવાપાત્ર હોય.

12 ઉપરોક્ત મુદ્દાઓ માટે કારણો, અવલોકન, અને તારણો નીચે મુજબ રહેલ છે.

13 **<u>મુદ્દા ક્ર. ૦૧ (કાયદા મુજબ ચેક ની યોગ્યતા).</u>**

14 સબબ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ફરિયાદી સાક્ષી ક્ર. ૦૧ (ફ. સ. ૧) ની **આંક – ૦૪** થી રજુ સોગંદ ઉપર ની જુબાની ઉપર આધાર રાખેલ છે. સબબ સાક્ષી ની સરતપાસ વંચાણે લેવામાં આવે, તો સબબ સાક્ષી ઉપરોક્ત થયેલ ચર્ચા મુજબ ની હકીકતો રજુ કરેલ છે. જે મુજબ સબબ કામે બનાવ માં સંડોવાયેલ ચેક, હાલના કામના આરોપી પક્ષે, ફરિયાદ પક્ષ ને તેમની પાસે થી ઉપરોક્ત ચર્ચા મુજબ નો પ્રાપ્ત કરેલ, લોનની રકમ ની ચુકવણી અર્થે આપેલ છે.

15 વધુમાં સબબ કામે આંક –૧૦ થી રજુ ચેક જોવામાં આવે તો, સબબ ચેક માં હાલના કામે આવેલ આરોપી એ સહી કરેલ હોવાનું માલૂમ પડે છે. તેથી જણાવેલ તહોમત મુજબ ના ગુના માટે હાલ ના આરોપી જવાબદાર હોવાનું માલૂમ પડે છે.

16 સબબ કામે કેસ નું રેકર્ડ જોવામાં આવે તો હાલના કામના આરોપી પક્ષ દવારા ફરીયાદી ને ચેક આપવામાં આવેલ છે. ***<u>ધી. નેગો. ઈન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૯ ધારકની તરફેણમાં ધારણાજ્યા સુધી વિપરિત સાબિત ન થાય ત્યાં સુધી તે ધારણા કરવામાં આવશે, કે ચેકના ધારકએ, તેવો ચેક કલમ ૧૩૮ મા સંદર્ભિત કોઈ પણ દેવું અથવા અન્ય જવાબદારીના સંપૂર્ણ અથવા અમુક ભાગ ના સ્રાવ બદલ, પ્રાપ્ત કરેલ છે.</u>***

17 હાલના કિસ્સામાં આરોપી પક્ષે ફરીયાદ પક્ષ દ્વારા પ્રસ્તુત પુરાવા નું ખંડન કરવા માટે અત્રે ના ન્યાયાલય સમક્ષ હાજર રહેલ નથી.

18 હાલ ના કામે રજુ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા સબબ કામે ફરીયાદી દવારા તેમની ફરીયાદ માં આરોપી નું જે સરનામું દર્શાવવામાં આવેલું છે, એ જ સરનામા ઉપર ફરીયાદી દવારા સદર નોટીસ પોસ્ટ કરવામાં આવેલી છે, હાલ ના કામે આંક–૧૩ થી તો.દાર ના સરનામે રજુ આર. પી. એ. ડી સ્લીપ જોતાં તેમા આરોપી ના નામે જ નોટીસ રજિસ્ટર એડી કરવામાં આવેલી છે, તેમજ આંક–૧૪ થી તો.દાર ને તેઓના સરનામે રજુ પોસ્ટ ખાતા ની ટ્રેકિંગ રિપોર્ટ જોતાં તેમા અને આર. પી. એ. ડી સ્લીપ માં આર્ટીકલ આઈ ડી ન. બંને માં સરખા જણાવવામાં આવેલા છે, અને જે રિપોર્ટ જોતાં તેમાં **તા.૧૪/૦૬/૨૦૨૩** ની તારીખ ની સામે આઇટમ

ડિલીવરી એમ જણાવવામાં આવેલ છે આમ આ તમામ હકીકતો જોતાં હાલના કામે ફરિયાદી ધ્વારા આરોપીના સરનામે જ નોટીસ મોકલવામાં આવેલી છે એવું ફલિત થાય છે સદર કામમાં રેકર્ડ જોતાં પોસ્ટખાતાની કહેવાતી ઓનલાઇન વેબસાઇટ પરથી ટ્રેકિંગ રિપોર્ટ પ્રાપ્ત કરીને ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ છે. સદર દસ્તાવેજ એવા દસ્તાવેજ નથી કે જે ફરીયાદ ધ્વારા જાતે બનાવી શકાય.

આ સંદર્ભે વધુમાં આ દસ્તાવેજ વંચાણે લેતા તેના ઉપર આવેલ શેરા મુજબ આરોપી ઉપર આ પત્ર વ્યવહાર **તા.૧૪/૦૬/૨૦૨૩** ના રોજ પોસ્ટ ખાતા ના શેરા જોતાં સદર નોટીસ ની બજવણી બચાવ પક્ષ ઉપર થયેલી છે. આમ આ ઉપરોકત તમામ હકિકતો જોતા, કાયદા મુજબના માંગ–પત્ર (ડિમાન્ડ નોટીસ) ની આરોપી ઉપર યોગ્ય બજવણી થયેલ છે, તેમ અત્રેની અદાલતનુ માનવુ છે. જેથી આ મુદ્દા હેઠળ આવેલ હકીકત પણ, નિઃશંક પણે અત્રે પુરવાર થાય છે. તેથી મુદ્દા ક્ર**. ૦૧** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે. આ ઉપરાંત હાલ ના કામે બચાવ પક્ષ દ્ધારા કોઈ હાજર થયેલ ન હોય તેઓ તરફે કોઈ બચાવ રજૂ કરવામાં આવેલ નથી.

19 <u>**મુદ્દા ક્ર. ૦૨ (સમય મર્યાદા માં ચુકવણી અર્થે રજુ).**</u>

20 ભારતીય રીઝર્વ બેંક એ પોતાના તા. ૪ થી નવેમ્બર ૨૦૧૧ જાહેર સુચના સંખ્યા ***RBI / 2011 – 12 / 251 – DBOD . AML BC. No.*** *47 / 14.01.001 / 2011 – 12* થી બેંક માં લેણી અર્થે રજુ થતા, ચેક ના સમય મર્યાદા માં માસ ૦૬ થી માસ ૦૩ ઘટાડો કરેલ છે (જે સમય મર્યાદા ચેક લખ્યા તારીખ થી શરૂ થવા પામે છે) અને આ જાહેર સુચના ૦૧ લી એપ્રિલ ૨૦૧૨ કે તેના પછી લેણી અર્થે રજુ થતા ચેક ને લાગુ પાડવામાં આવેલ છે.

21 સબબ કામે તકરારી ચેક **આંક–૧૦** થી રજુ છે. અને આ ચેક ની તા.**૧૯/૦૫/૨૦૨૩** ની રહેલ છે. હાલના કામે **આંક –૧૧** થી રજુ ચેક પરત ફર્યા ના પાવતી રજુ થઈ, તા.**૧૯/૦૫/૨૦૨૩** ના રોજ બીન ચુકવણી પરત કરવામાં આવેલ છે.

22 આમ સબબ ચેક બેંક માં ચુકવણી અર્થે યોગ્ય સમય મર્યાદા માં રજુ થવા પામેલ હોવાનું સ્પષ્ટ રીતે જણાઇ આવે છે. તેથી **મુદ્દા ક્ર. ૦૨** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

23 <u>**મુદ્દા ક્ર. ૦૩ (ખાતા માં અપૂરતા ભંડોળ ના શેરા થી બિન ચુકવણી પરત).**</u>

હાલના કામે તહોમત મુજબ નો ગુનો સાબીત થવા માટે આવો કોઇ તકરારી ચેક કોઇ પુર્ણ અથવા આંશિક, કોઇ દેવા અથવા અન્ય જવાબદારી, પુર્ણ પાડવા જારી કરવામાં આવેલ હોય, તેમ સાબીત થવુ પણ જરૂરી આવેલ છે. તેથી તેવા સંજોગોમાં ધી. નેગો. ઇન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૯ તેમજ ૧૧૮ ની ચર્ચા અત્રે કરવી જરૂરી જણાઇ આવે છે.

ધી. નેગો. ઈન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૯ ધારકની તરફેણમાં ધારણા

જ્યારસુધી વિપરિત સાબિત ન થાય ત્યાં સુધી તે ધારણા કરવામાં આવશે, કે ચેકના ધારકએ, તેવો ચેક કલમ ૧૩૮ મા સંદર્ભિત કોઈ પણ દેવું અથવા અન્ય જવાબદારીના સંપૂર્ણ અથવા અમુક ભાગ ના સ્રાવ બદલ, પ્રાપ્ત કરેલ છે.

ધી. નેગો. ઈન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૧૮ નેગોશીયેબલ ઈસ્ન્ટ્રુમેન્ટ સંબંધે ધારણા

જ્યાં સુધી વિપરીત સાબિત ન થાય ત્યાં સુધી, નીચે મુજબની ધારણા કરવામાં આવશે: –

(એ) અવેજ – દરેક નેગોશીયેબલ ઈસ્ન્ટ્રુમેન્ટ અવેજ પેટે બનાવવામાં અથવા દોરવામાં આવેલ હતુ કે, અને તે દરેક ઈન્સ્ટ્રુમેન્ટ જ્યારે સ્વીકારવામાં આવી આવી હોય, પ્રેરીત, વાટાઘાટો અથવા સ્થાનાંતરિત, આવેલ હોય તો તે અવેજ બદલ, સ્વિકાર, પ્રેરીત, વાટાઘાટ અથવા તબદીલ, કરવામાં આવી હતી;

(બી) તારીખ પ્રમાણે – તારીખ ધરાવતુ દરેક નેગોશીયેબલ ઈસ્ન્ટ્રુમેન્ટ તે તારીખે તૈયાર અથવા દોરવામાં આવેલ હતુ;

(સી) સ્વીકૃતિના સમય તરીકે – દરેક સ્વીકૃત થયેલ વિનિમયપત્ર, તેના તારીખ પછી વ્યાજબી સમય માં અને તેના પરિપક્વતા પુર્વ સ્વીકારવામાં આવેલ હતુ.

(ડી) તબદીલીના સમય બદલ – દરેક નેગોશીયેબલ ઈસ્ન્ટ્રુમેન્ટ ની તબદીલી તેના પરિપક્વતા પુર્વ કરવામાં આવેલ હતી;

(ઈ) ઈન્ડર્સમેન્ટ્સ ના ઓર્ડર માટે – દરેક નેગોશીયેબલ ઈસ્ન્ટ્રુમેન્ટ ઉપર જણાઈ આવતા ઈન્ડર્સમેન્ટસ તે તેવાજ ક્રમાનુસાર કરવામાં આવેલ છે, જેમ જોતા જણાઈ આવે છે.

(એફ) મુદ્રણ બદલ – ખોવાયેલા પ્રોમિસરી નોટ, વિનિમયપત્ર કે, ચેક યોગ્ય રીતે મુદ્રણ કરવામાં આવેલ હતું;

(જી) તે ધારક એ યોગ્ય સમયસરનો ધારક છે – ઈન્સ્ટ્રુમેન્ટ નો ધારક એ યોગ્ય સમયસરનો ધારક છે. શરતે કે, જ્યારે કોઈ ઈન્સ્ટ્રુમેન્ટ તેના કાયદેસરના માલીક અથવા કાયદેસરના કબજામાંથી, ગુન્હીત અથવા છેતરપિંડી રીત થી મેળવવામાં આવેલ હોય. અથવા તેના નિર્માતા અથવા સ્વીકારનાર પાસે થી ગુન્હીત અથવા છેતરપિંડી રીત થી મેળવવામાં આવેલ હોય, અથવા ગેર–કાયદેસરની અવેજ પેટે હોય, તો તેવા સંજોગોમાં ધારક એ યોગ્ય સમયસરનો ધારક છે તેમ પુરવાર કરવાની જવાબદારી ધારક ઉપર રહેલ છે.

એસ. એન. કુલકર્ણી
૪૩ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર

24 આ હકીકત સાબિત કરવા માટે ફરિયાદ પક્ષે **આંક –૧૧** થી ચેક પરત ફર્યા ની પાવતી રજુ કરેલ છે, જે પાવતી ની નકલ કમ્પ્યુટર રાઈજડ હોય તેના ઉપર કોઈ સહી ની જરૂરિયાત જણાઈ આવતી નથી આ ઉપરાંત સદર પાવતી વંચાણે લેવામાં આવે તો, હાલ ના કામ નો તકરારી ચેક આરોપી ના બેંક ખાતા માં પૂરતા ભંડોળ ન હોવાના કારણે તેમની બેંક દ્વારા બિન ચુકવણી પરત કરવામાં આવેલ છે. જે દસ્તાવેજ નું આરોપી પક્ષે કોઇ પણ યોગ્ય ખંડન કરેલ નથી.

25 આમ સબબ જોગવાઈ સહ આ દસ્તાવેજ ને વંચાણે લેતા, બનાવ માં સંડોવાયેલ ચેક, આરોપી પક્ષ ના બેંક ખાતા માં ચેક ની ચુકવણી માટે આરોપી ના બેંક ખાતા માં પૂરતા ભંડોળ ન હોવાના કારણે ચુકવણી વિના પરત કરવામાં આવેલ છે, તેમ નિઃશંક પણે અત્રે પુરવાર થાય છે. તેથી **મુદ્દા ક્ર. ૦૩** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

26 **<u>મુદ્દા ક્ર. ૦૪ (યોગ્ય માંગણી નોટીસ).</u>**

27 સબબ કામે રજુ તકરારી ચેક **આંક –૧૦** ના દસ્તાવેજો મુજબ **તા.૧૯/૦૫/૨૦૨૩** ના રોજ આરોપી ના ખાતા માં પૂરતા નાણાં ન હોવાના જણાવેલ કારણે આરોપી પક્ષ ના બેંક દ્વારા પરત કરવામાં આવેલ છે. જે સંબંધે ફરિયાદ પક્ષે **આંક –૧૨** થી રજુ માંગણી નોટીસ, હાલના કામે **આંક –૧૩** થી રજુ ભારતીય ડાક દ્વારા આરક્ષિત ટપાલ માટે આપવામાં આવતી પાવતી મુજબ, **તા. ૧૩/૦૬/૨૦૨૩** ના રોજ આરોપી પક્ષ તરફ રવાના કરેલ છે. ***<u>ધી. નેગો. ઇન્સટ્રુમેન્ટ એક્ટ ની કલમ – ૧૩૮(બ)</u>*** મુજબ આ નોટીસ ચેક પરત થયા ના જાણ તારીખ થી દિન ૩૦ માં થવી જરૂરી રહેલ છે. હાલ ના કિસ્સા માં ફરીયાદ પક્ષ દ્વારા આરોપી પક્ષ ઉપર આવી નોટીસ જણાવેલ સમય મર્યાદામાં રવાના કરવામાં આવેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલિત થાય છે.

28 તેમજ રજુ થયેલ નોટીસ માં તકરારી ચેક ને લગત જરૂરી તેમજ, તેના પરત થયા ના કારણો વિગતો અને, ચેક મુજબ ના રકમ ની માંગણી ની વિગતો નો સમાવેશ કરવામાં આવેલ છે અને આ નોટીસ આરોપી ને સંબોધિ ને, હાલના કામે ફરીયાદ માં જણાવેલ સરનામે આરોપી પક્ષ ઉપર ફરિયાદી પક્ષ દ્વારા મોકલી આપવામાં આવેલ છે.

29 હાલ ના કામે ફરીયાદી દવારા તેમની ફરિયાદ અને પુરાવા ના સોંગધનામાં ની હકીકતો નું વર્ણન તેમની મોખિક દલીલો માં કરવામાં આવેલ છે ,હાલના કામના આરોપીએ સદર ,લોન ની પરત ચુકવણી બાબતે હાલ ના કામ ના આરોપી એ ફરિયાદ માં જણાવેલ ચેક ફરીયાદી ને આપેલ છે.

30 સબબ પુરાવો ધ્યાને લેતા, ફરિયાદ પક્ષે બનાવ માં સંડોવાયેલ ચેક ના રકમ ની ચુકવણી કરી આપવા માટે, કાયદા મુજબ ની માંગણી નોટીસ કાયદા મુજબ નિયત સમય મર્યાદામાં અને યોગ્ય રીતે આરોપી પક્ષ ઉપર મોકલી આપેલ છે, તેમ નિઃશંક પણે અત્રે પુરવાર થાય છે. તેથી **મુદ્દા ક્ર. ૦૪** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

31 <u>મુદ્દા ક્ર. ૦૫ (દિન ૧૫ માં આરોપી દ્વારા ચુકવણી).</u>

32 સબબ કામે ફરિયાદ પક્ષ ના કથન મુજબ આરોપી પક્ષે આ નોટીસ પ્રાપ્ત થયા ના દિન – ૧૫ માં તકરારી ચેક માં જણાવ્યા મુજબ ના રકમ ની તેમને ચુકવણી કરેલ નથી. તેથી હાલ ની ફરિયાદ તેઓ અત્રે ના ન્યાયાલય સમક્ષ રજુ કરેલ છે. આ સંબંધે રજુ થયેલ સમગ્ર હકીકતો જોતા, આરોપી પક્ષ દ્વારા આવી રકમ ચુકવણી જણાવેલ સમય મર્યાદા માં તેઓ દ્વારા ફરીયાદ પક્ષ ને કરવામાં આવેલ હોઇ, તેવી કોઇ રજૂઆત કરવામાં આવેલ નથી. જો કરવામાં આવી હોત તો, સ્વાભાવિક રીતે આરોપી પક્ષે તેવી રજૂઆત અત્રે ના ન્યાયાલય સમક્ષ સુનાવણી દરમિયાન કરી હોત.

33 આમ ભારતીય પુરાવા અધિનિયમ ૧૮૭૨ ની કલમ ૩ અને ૮ વંચાણે લેતા કોઈ પણ સામાન્ય સમજ ધરાવતા વ્યક્તિ ને એમ માનવા પાત્ર બને છે કે, આરોપી પક્ષ દ્વારા આવા કોઈ રકમ ની ચુકવણી કરવામાં આવેલ નથી. તેથી સબબ મુદ્દા ની સાબિતી માટે અન્ય કોઇ વિશેષ ચર્ચા ની અત્રે જરૂરીયાત રહેતી નથી, અને હાલ નો મુદ્દો આરોપી ના વર્તન થી એમ નિઃશંક પણે સાબિત કરે છે કે, સબબ માંગણી નોટીસ પ્રાપ્ત થયા ના તરત આવતા દિન ૧૫ સુધી માં, બનાવ માં સંડોવાયેલ ચેક મુજબ ની રકમ ની ચુકવણી કરવામાં આરોપી પક્ષે કસૂર કરેલ છે. તેથી **મુદ્દા ક્ર. ૦૫** નો જવાબ **હકાર માં** આપવામાં આવે છે.

34 <u>મુદ્દા ક્ર. ૦૬ (ગુના ની સાબિતી).</u>

35 સબબ મુદ્દા ની સાબિતી, ઉપરોક્ત ચર્ચા મુજબ ના તમામ મુદ્દા ની સાબિતી ઉપર આધારિત રહેલ છે. આ અગાઉ ચર્ચા મુજબ ના મુદ્દા અંગે નિર્ણય જોતા, હાલ ના કામે આરોપી દ્વારા ***<u>ધી. નેગો. ઈન્સટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૮</u>*** મુજબ નો ગુનો કરવા માં આવેલ હોવાનું અત્રે નિઃશંક પણે સાબિત થાય છે. આ કામે રજુ થયેલ રેકર્ડ ઉપરનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાનીથી રજુ કરેલ સોંગદ ઉપરની સરતપાસમાં ફરીયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહીલ ફરીયાદને સમર્થનકારક જુબાની આપેલ છે. સદર તમામ હકીકતોને આ કામે ઉપર વિગતવાર રીતે જણાવવામાં આવેલ હોવાથી તેનુ પુન : રાવર્તન અત્રે ફરી કરેલ નથી. વધુમાં, ફરીયાદીએ પોતાનો કેસ પુરવાર કરવા ઉપર જણાવ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ છે. ચેક અણ ચુકવાયેલ પરત ફર્યાના કેસમાં પ્રાથમિક તબકકે ફરીયાદીએ પુરાવો આપવાનો હોય છે કે, આરોપીએ આપેલ ચેક કાયદેસરના દેવા કે જવાબદારી પેટે ઈસ્યુ કરી ફરીયાદીને આપેલ અને તે ચેક અણચુકવાયેલ પરત ફરેલ છે અને પુરાવો રજુ થયા બાદ ફરીયાદીની તરફેણમાં ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ – ૧૧૮ અને કલમ – ૧૩૯ મુજબ અનુમાન કરવાના રહે છે. તે માટે સૌ પ્રથમ ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ – ૧૩૮ ના તત્વો પુરવાર થાય છે કે કેમ તે ધ્યાને લેવું પડે.

36 ઉપરોકત જણાવેલ આવશ્યક તત્વો પરીપૂર્ણ થાય તો ધી નેગો. ઈન્સ્ટ્રુ. એકટની કલમ – ૧૩૮ અન્વયે ગુનો બન્યાનુ કહેવાય. ફરીયાદીની ફરીયાદ તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવા વંચાણે

લેતા, એકટની કલમ – ૧૩૮ ના ગુનાના તત્વો પરીપૂર્ણ થતાં, આરોપી સામે ગુનાનુ સંજ્ઞાન લેવામાં આવેલ છે. ત્યારબાદ ધી નેગો. ઈન્સ્ટ્ર. એકટની કલમ – ૧૧૮ તથા કલમ – ૧૩૯ મુજબ ચેકના ધારકની તરફેણમાં અનુમાન કરવાના રહે છે. જે ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ – ૧૧૮ તથા કલમ – ૧૩૯ વંચાણે લેતા માલુમ પડે છે કે, જો એકવાર એમ સાબિત થાય કે, આરોપીએ ફરીયાદીને ચેક આપેલ છે તો તેવા સંજોગોમાં કેટલાક અનુમાનો અદાલતે કરવાના રહે છે. જો કે તે અનુમાનો નિર્ણાયક પુરાવો નથી, પરંતુ તેવા અનુમાનોનું યોગ્ય અને વ્યાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકાય છે. વધુમાં આરોપીએ તેવા અનુમાનોનું ખંડન કરવા સોગંદ ઉપર જુબાની આપવી જ જોઈએ તેવો કોઈ કાયદાનો નિયમ નથી. આરોપી ફરીયાદીની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના પુરાવા પરથી તેવા અનુમાનોનુ ખંડન કરી શકે છે.

<u>કાયદાની આજ્ઞાધારક જોગાવાઈઓ</u>

નામ . સુપ્રીમકોર્ટે તાજેતરમા આપેલ સન્જાબીજ તાજી વી. કીશોર એસ બોરકર ૨૦૨૫ એસ . સી. મા ઠરાવ્યા પ્રમાણે સ્ટેચ્યુચરી નોટીશ નો જવાબ આરોપીએ આપેલ ન હોય તો એવું અનુમાન કરી શકાય કે ચેક જવાબદારીના ભાગ રૂપે આપવામાં આવેલ હશે.

હવે આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ નિ: શંકપણે સાબિત કરવા રજુ કરેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓને આધારે આરોપી વિરુધ્ધનો કેસ બીયોન્ડ રીઝનેબલ ઓલ ડાઉટ પુરવાર કરી શકેલ છે કે નહીં તે આ અદાલતે જોવાનું રહે. આ કામે આરોપી કેસમાં મુદતે હાજર રહેતા ન હોવાનું રોજકામ જોતાં સ્પષ્ટ રીતે ફલિત થાય છે. ત્યારબાદ આરોપી તરફે સૌગંદ ઉપર પુરાવો આપેલ નથી કે બચાવના સાહેદ તપાસેલ નથી. તેમજ બચાવમાં અન્ય કોઈ પુરાવા રજુ કરેલ નથી તથા ફરીયાદીની ઉલટ તપાસ કરવા માટે આરોપીને વ્યાજબી અને પૂરતી તક આપેલ હોવા છતાં ઉલટ તપાસ કરેલ ન હોઈ આરોપીનો ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હક્ક બંધ કરતો હુકમ અત્રેની કોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે. આ કામે આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. જ્યારે ફરીયાદપક્ષે ફરીયાદ સાબીત કરેલ છે અને કાયદાની આજ્ઞાધારક જોગવાઈઓનું પાલન કરેલ છે. આરોપી પક્ષે અનુમાનોનું ખંડન કરેલ નથી.

<u>આરોપીનો બચાવ</u>

આ કામે આરોપીએ પ્લીમા ગુનો કબુલ નથી તેમ જણાવેલ છે. ત્યારબાદ ફરીયાદીની ઉલટતપાસ કરેલ નથી. આરોપીએ પોતે પુરાવો આપેલ નથી. નેગોશીએબલ ઈન્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ ૧૩૮ ની કલમ ના ગુન્હા માટે અનુમાનોનું ખંડન આવશય છે. જે આરોપીએ કરેલ નથી. આ કામે આરોપીએ પોતાનો પ્રોબેબલ ડીફેન્સ લીધેલ નથી.

એસ. એન. કુલકર્ણી
૪૩ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર

37 ઉપરોક્ત મુદ્ધા ની ચર્ચા પશ્ચાત, સજા ના પ્રમાણ સંબંધે ચર્ચા કરવામાં આવે તો, નામ. મદરાસ ઉચ્ચ ન્યાયાલય દ્ધારા ***Janagi***[2] ના કિસ્સા માં એમ ઠરાવ કરેલ છે કે, આવા પ્રકાર ના ગુના માં સજા નો સિધ્ધાંત **અવરોધક / પ્રતિબંધક** પ્રકાર નો રહેલ છે. વધુ માં સજા ના પ્રમાણ ની ચર્ચા કરતા, નામ. ન્યાયાલય દ્ધારા એમ ઠરાવવામાં આવેલ છે કે, ***"The very object of introducing this provision is to bring about honesty and credibility in such transactions. If a person, who has committed such an offence is to be treated so lightly and let off with a fleabite sentence, then the purpose of enactment will be defeated. Provisions regarding punishment should not be made an empty formality, unless there are strong and persuasive grounds, a lighter view cannot be taken in such cases" .***

38. તેમજ કાયદામાં જણાવેલ ધારણા પ્રમાણે જ્યારે સુધી આરોપી વિરૂધ્ધ નુ સાબીત ન કરે ત્યારસુધી, અદાલત તેવુ માનવા માટે બંધાયેલ છે કે, કોઇ તકરારી વિષયવસ્તુ વાળો ચેક તેના ધારકે દેવું અથવા અન્ય જવાબદારીના સંપૂર્ણ અથવા અમુક ભાગ ના સ્રાવ બદલ, પ્રાપ્ત કરેલ છે. ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૯ નુ વાંચણ કરવામાં આવે તો ધારક ના તરફેણમાં ધારણા કરતા એવી જોગવાઇ કરવામાં આવેલ છે કે, "It shall be presumed, unless the contrary is ***proved***"અને ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ – ૩ માં ***"Proved"*** સંબંધે ની વ્યાખ્યા વંચાણે લેવામાં આવે તો જોગવાઇ નીચે મુજબ ની છે.તેમજ, ધી. નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ – ૧૩૯ ની ઉપરોકત ચર્ચવામાં આવેલ જોગવાઇઓ મુજબ માત્ર કોઇ હકિકતનુ ઈન્કાર કરવાથી વિરૂધ્ધ નુ સાબીત થયેલ છે તેમ કહી શકાય નહી. પરંતુ તે પુરવાર કરવા માટે પુરાવાની ગુણવત્તા તેવી હોવી જરૂરી છે કે, કોઇ શાણા વ્યક્તિ ને તેવુ માનવાને પ્રેરે અથવા તેવા વ્યક્તિમાં શંકા ઉતપન્ન કરે કે, જે આરોપી કહે છે તેના પ્રમાણે ફરીયાદી ચેક ના સમયસરના યોગ્ય ધારક નથી.

39. આમ હાલના કેસમાં જ્યારે કાયદા મુજબ ની ધારણા નુ ખંડન કરવાની જવાબદારી આરોપીના શીરે આવેલ હોય અને આરોપી તે ધારણા નુ યોગ્ય ખંડન કરવામાં નિષ્ફળ જાય તો તેવા કિસ્સામાં ધી નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૯ હેઠળ, ફરીયાદીએ તકરારી ચેક ના સમય સરના યોગ્ય ધારક છે અને તકરારી ચેક ફરીયાદીએ આરોપી પાસે થી કલમ ૧૩૮ મા સંદર્ભિત કોઈ પણ દેવું અથવા અન્ય જવાબદારીના સંપૂર્ણ અથવા અમુક ભાગ ના સ્રાવ બદલ, પ્રાપ્ત કરેલ છે તેમ માનવાને પાત્ર બને છે. તેવી આરોપી વિરૂધ્ધની કાયદા મુજબ નું ધારણા ઉત્પન્ન થાય છે.

40. વધુમાં હાલના કામના આરોપી સબબ તકરારી ચેક ઉપર પોતાની સહી હોવા બાબતે ખંડન કરતા નથી. વધુમાં જ્યારે આરોપી તકરારી ચેક નો તાબો તેમની પાસે થી ફરીયાદી પાસે કેવી રીતે ગયેલ છે તે બદલ અદાલત સમક્ષ કોઇ વ્યાજબી કારણ ઉપસ્થીત કરેલ ન હોઇ, તેથી તેવા સંજોગોમાં આરોપી તરફ થી આ તમામ બચાવો સંભવિત બચાવો છે તેમ કહી શકાય નહી.

---

[2] Janagi Vs. Lakshmi 1999 (1) MLJ (Cri) 111

41. આમ હાલ ના કામે ફરીયાદી ની દલીલો સાંભળવામાં આવેલી, , હાલ ના કામ ના આરોપી ને લોનના **રૂા.૬,૭૪,૯૧૨** આપેલ છે, અને તે સંબંધે તેઓએ પુરાવો પણ રજુ કરેલ છે, પરંતુ હાલના કેસમાં ઉપરોક્ત જણાવ્યા પ્રમાણે સહુ પ્રથમ આરોપી ઉપર ધી. નેગો. ઇસ્ટ્રુમેન્ટસ એકટ ની કલમ ૧૩૯ નુ ખંડન કરવાનો બોજો આવેલો છે. જો તેઓ તેવા બોજાનુ યોગ્ય ખંડન કરવામાં સફળ થાય તોજ ફરીયાદી ઉપર પુરાવા નો બોજો તબદીલ થાય. જ્યાર સુધી આરોપી પોતાની ઉપર રહેલ પુરાવાના બોજાનુ યોગ્ય વહન ન કરે ત્યારસુધી પુરાવાનો બોજો ફરીયાદી ઉપર તબદીલ થતુ નથી.

42. આમ ઉપરોક્ત તમામ ચર્ચા ની અંતે તેમજ તમામ રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા, હાલના કામે **મુદ્દા ક્ર. ૦૬** નો જબાબ **હકાર માં** આપવામાં આવે છે.

43. આમ છેલ્લે જ્યારે સજા નો પ્રમાણ નિર્ધારિત કરવાનો વિષય આવે, ત્યારે નામ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ***Vinod Kumar***[3]ના ચુકાદા માં એમ માનેલ છે કે, સજા સંબંધે કોઇ સીધો અને સામાન્ય સુત્ર નથી. પરંતુ નીચે જણાવેલ અમુક પરિબળો ધ્યાને લેવા સુચના આપવામાં આવેલ છે.

- સજા હંમેશા ગુના ના ગુરુત્વાકર્ષણ ને અનુરૂપ/પ્રમાણસર હોવી જોઈએ.
- આરોપી કે પીડિત નો ધર્મ, જાતિ, જાતિ, આર્થિક કે સામાજિક દરજ્જો.
- તમામ ઉત્તેજક અને ઘટાડા નાં પરિબળો અને જે સંજોગોમાં ગુનો આચરવા માં આવ્યો છે.
- આચરણ અને આરોપી ની માનસિક સ્થિતિ.

44. આ ચેક સંબંધે ના કાયદા નો મુળ હેતું આવા પ્રકાર ના સાધનો પ્રત્યે આર્થિક જગત માં લોકો નો વિશ્વાસ કેળવવાનો છે. જ્યારે હાલના કિસ્સામાં આરોપી એ ફરિયાદી પાસે થી હાથ ઉછી ની રકમ પ્રાપ્ત કરી, તેવી રકમ ની ચુકવણી માટે આપેલ ચેક પરત કરી હાલનો ગુનો કરેલ છે. જો આવા કિસ્સામાં આરોપી ઉપર ઉદારતા દાખવી ઓછી સજા કરવામાં આવે, તો આર્થિક પ્રકાર ના વ્યવહાર માં, ચેક ઉપર નો વિશ્વાસ ગુમાવવા ઉપરાંત, કાયદા ના હેતું ને નષ્ટ કરવા પાત્ર રહેશે. તેમજ અત્રે ના ન્યાયાલય ના માનવા મુજબ, આવા પ્રકાર ના તત્વો ને પ્રોત્સાહન આપવા પાત્ર રહેશે. તેથી હાલના કામે સંજોગો જોતા, નીચે મુજબના આખરી હુકમ મુજબ ની સજા યોગ્ય જણાઈ આવે છે.

<u>45.મુદ્દા ક્ર. ૦૭ –</u>

46. આમ તમામ ચર્ચા અંતે મુદ્દા ક્ર. ૦૭ પરત્વે નીચે મુજબ નો આખરી હુકમ ફરવવામાં આવે છે.

3

એસ. એન. કુલકર્ણી
૪૩ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર

-::હુકમ ::-

આ કામના આરોપીપક્ષ અમિતકુમાર ધિરજલાલ શાહ રહે- ૫૭૪ ૨ અભિમન્યુ ફલેટ, સેન્ટ્રલ સ્કુલની સામે, સેકટર ૩૦ ગાંધીનગર નાઓને ક્રિ.પ્રો.કો.ની કલમ : ૨૫૫ (૨) અન્વયે તેમની સામેના ધી નેગોશીયેબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના શિક્ષા પાત્ર ગુનાના તહોમત માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને તેઓને સબબ તહોમત માટે આરોપીને તકસીરવાન ઠરાવેલ હોઈ આરોપીને ૦૧ એક વર્ષની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આરોપીએ ચેકની રકમ રૂા.૬,૭૪,૯૧૨ /- ની રકમ કરતાં દોઢ ગણી રકમ એટલે કે કુલ રકમ રૂા.૧૦,૧૨,૩૬૮ ના દંડ પેટે (નીચે જણાવેલ મુજબ) લાગુ કરવાનો આદેશ કરવામાં આવે છે.

સબબ કામના ફરિયાદ પક્ષ ને આરોપી ના કૃત્ય ના કારણે દીવાની ન્યાયાલય ના હુકમ થી પ્રાપ્ત કરવા પાત્ર થાય તે પ્રકાર નું વળતર નું નુકસાન થયેલ હોઇ, હાલના કામના આરોપીને આથી આદેશ આપવામાં આવે છે કે, દંડે પેટે ની તમામ રકમ રૂા.૧૦,૧૨,૩૬૮/- ફોજ. કાર્ય. સંહિતા ની કલમ ૩૫૭ હેઠળ વળતર પેટે હાલના કામના ફરિયાદીને ચુકવણી કરવી.

ફો. કા. સંહિતા ની કલમ ૩૫૭(૨) વંચાણે લેતા, અહી સ્પષ્ટ કરવાનું કે, સબબ વળતર ની રકમની ચુકવણી કરવી.

- જો હાલના હુકમ સામે કોઇ અપીલ કરવામાં ન આવે તો, કાયદા મુજબ અપીલ સમય પૂર્ણ થાય, તે પછી કરવાની રહેશે.
- જો હાલના હુકમ સામે અપીલ દાખલ કરવામાં આવે તો, અપીલ સંબંધે હુકમ પછી (અપીલ ઉપર આવેલ હુકમ મુજબ) કરવાની રહેશે.

જો સબબ આરોપી સદરહુ દંડ ની રકમ ભરવામાં કસૂર કરે તો તેવા કસૂર બદલ બીજી સ્વતંત્ર રીતે ૦૩ માસ ની સાદી કેદની સજા ભોગવવા નુ હુકમ કરવામાં આવે છે.

સબબ કામે આજરોજ પોકાર કરતાં આરોપીપક્ષ હાજર ન હોઈ, ફોજદારી કાર્યસંહિતાની કલમ-૩૫૩(૬) નો પરંતુક વંચાણે લેતાં કેસના નિકાલમાં બીનજરૂરી વિલંબ ટાળવાના હેતુથી આરોપીપક્ષની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવે છે.

એસ. એન. કુલકર્ણી
૪૩ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર

સબબ કામના આરોપીપક્ષ હાજર ન હોઈ અને તેમને ઉપરોકત પ્રમાણેની સજા ભોગવવાની થતી હોય, તેમની સામે પકડી આવે ત્યારસુધીનો પકડ વોરંટ કાઢવાનો આદેશ કરવામાં આવે છે.

સબબ હુકમની એક નકલવિના મુલ્યે હાલના કામના આરોપીને હાજર થયેથી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૯ માહે નવેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી ચુકાદો જાહેર કર્યો.

તા. ૨૯/૧૧/૨૦૨૫
સ્થળ –અમદાવાદ

(શ્રીમતી એસ. એન. કુલકર્ણી)
૪૩ માં એડી .ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
(કોર્ટ નં. ૫૨),અમદાવાદ શહેર
(જી.જે.૦૧૩૯૪)

એસ. એન. કુલકર્ણી
૪૩ માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર